ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ, ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/પર/૨૦-૨૧/ 762 તારીખ : 03 MAR 2021

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**મે.કલે આર્ટ સીરામીક,**
**સર્વે નં-૨૩૫, યુનિટ નં-૨,**
**ગુરૂકૃપા સીરામીક નજીક, થાન નવાગામ રોડ,**
**મું.નવાગામ, તા.થાનગઢ**
**જી.સુરેન્દ્રનગર.**
**મો.નં.૯૪૨૯૬ ૫૦૬૧૮.**

કેસ નં.પર/૨૦-૨૧

**વિષય : સુઓમોટો કાર્યવાહી હેઠળ એચ.ટી.કનેકશનમાં જોડાણ તબદીલ ન કરવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૨૫/૦૯/૨૦૨૦ તેમજ તા.૩/૧૦/૨૦૨૦ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૭/૧૦/૨૦૨૦.
(૨) કોર્પો.કચેરી, રાજકોટ પત્ર નં-પીજીવીસીએલ/સીજીઆરએફ/કલેઆર્ટ સીરામીક/૫૨૪૯-૪ તા.૩/૧૦/૨૦૨૦
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/પર/૨૦-૨૧/૩૫૨૦ તા.૧૨/૧૦/૨૦૨૦.
(૪) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/પર/૨૦-૨૧/૪૦૭૪ તા.૨૬/૧૧/૨૦૨૦.
(૫) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/પર/૨૦-૨૧/૪૪૫૬ તા.૨૮/૧૨/૨૦૨૦.
(૬) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/પર/૨૦-૨૧/૨૧૦ તા.૧૬/૦૧/૨૦૨૧.
(૭) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/પર/૨૦-૨૧/૪૯૭ તા.૦૮/૦૨/૨૦૨૧.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૮/૦૨/૨૦૨૧** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **સુરેન્દ્રનગર.**

*.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) નાયબ ઈજનેરશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **થાનગઢ.**

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ <u>કેઈસ નંબર – ૫૨/૨૦–૨૧</u> ☜

વાદી :– **મે.કલે આર્ટ સીરામીક,**

◈ વિરૂધ્ધ ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ <u>રજુઆતની તારીખઃ– તા.૧૮/૦૨/૨૦૨૧</u> ◈

હાજર રહયા :– **શ્રી અલ્પેશભાઈ ચંદુલાલ સદાતીયા – (વાદી ના પાર્ટનર)**

પ્રતિવાદી :– **શ્રી એમ.વી.ઝાલા, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર (પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

મે.કલે આર્ટ સીરામીક,મું.નવાગામ,તા.થાનગઢ,જી.સુરેન્દ્રનગરની સુઓમોટો કાર્યવાહી હેઠળ એચ.ટી.કનેકશનમાં જોડાણ તબદીલ ન કરવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૫૨/૨૦–૨૧ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૫૨/૨૦–૨૧/૩૫૨૦ તા.૧૨/૧૦/૨૦૨૦ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **<u>તા.૦૫/૧૨/૨૦૨૦, તા.૦૮/૦૧/૨૦૨૧, તા.૨૮/૦૧/૨૦૨૧, તા.૧૮/૦૨/૨૦૨૧</u>** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી મે.કલે આર્ટ સીરામીક વતી તેમના પાર્ટનર શ્રી અલ્પેશભાઈ ચંદુલાલ સદાતીયા હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એમ.વી.ઝાલા, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર ઉપસ્થિત રહેલ.

☞ **<u>વાદીશ્રીની રજુઆત</u>:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ મે.કલે આર્ટ સીરામીક થાન પેટા વિભાગીય કચેરી ના ગ્રાહક છે.તેઓ ગ્રાહક નં–૨૭૭૦૪/૦૦૬૩૫/૫ થી ૮૫ કિ.વો. નું ઔધોગીક વિજ કનેકશન ધરાવે છે.

૧.૨ વાદીની રજૂઆત છે કે, તેઓ તા.૩૧/૦૫/૨૦૧૬ થી ૮૫ કિ.વો નું સીરામીક હેતુ માટેનું ઔધોગીક વિજ કનેકશન ધરાવે છે. તેઓને વર્ષ ૨૦૧૭/૧૮,૨૦૧૮/૧૯ અને ૨૦૧૯/૨૦ માં વપરાશ માંગવામાં આવેલ વિજ વપરાશ કરતા વધુ થઈ ગયેલ હતો.જેથી વિજ કચેરી દ્વારા સદર વિજ કનેકશન એચ.ટી.કનેકશનમાં ફેરવવા માટેની નોટીસ આપવામાં આવેલ હતી. પરંતુ, આ બાબતે વિજ કચેરી દ્વારા કોઈ ચેતવણી સ્વરૂપ નોટીસ આપવામાં આવેલ નથી. વાદી દ્વારા માંગવામાં આવેલ વિજ વપરાશ કરતા જે વધુ વપરાશ કરેલ છે તેની માહિતી આ સાથે જોડેલ છે.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૧.૩ વિજ વપરાશ વધુ આવેલ હોવાથી વાયરીંગ તપાસતા એક ૫૦ હો.પા.અને એક ૨૫ હો.પા.ની બે મોટરો જૂનામાંથી લાવેલ હોવાથી વધુ એમ્પીયર લોડ લેતી હતી.જેથી ઓગષ્ટ–૨૦૧૯ માં સદર બંને મોટર બદલી નાંખવામાં આવેલ હતી. જેથી વિજ વપરાશ ૧૦૦ થી ૧૨૫ કિ.વો.માંથી ૭૫ કિ.વો. આસપાસ આવી ગયેલ છે. અને તમામ મોટર પર એ.સી.ડ્રાઈવ અને પાવર કંટ્રોલ લગાવી દીધા છે. જેના લીધે હવે અમારો વિજ વપરાશ માંગેલ વિજ વપરાશ કરતા વધુ જશે નહી એમ જણાવે છે.

૧.૪ વિજ વપરાશ માંગેલ વિજ વપરાશ કરતા ઓછો થતો હોઈ હવે અમારે એચ.ટી.કનેકશન ની જરૂરીયાત રહેતી નથી. તેમજ અગાઉ જે ભૂલ થઈ તે માટે ભરવાપાત્ર દંડ ની રકમ અમો ભરપાઈ કરવા તૈયાર છીએ તેમ જણાવે છે. જેથી, વિજ કનેકશન માટે આપવામાં આવેલ નોટીસ રદ કરવા માટેની રજૂઆત કરેલ છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ વાદી થાનગઢ ગામે મે.કલે આર્ટ સીરામીક ના નામે ૮૫ કિ.વો. નું એલ.ટી.એમ.ડી.વિજ જોડાણ તા.૩૧/૫/૨૦૧૬ થી ધરાવે છે. જેનો ગ્રાહક નં–૨૭૭૦૪/૦૦૬૩૫/૫ છે.

૨.૨ સપ્લાય કોડ ની શરત ૪.૯૫ મુજબ માંગ આધારીત એલ.ટી.વિજ જોડાણ ના કેસોમાં જો નોંધાયેલ અધિકતમ માંગ, છેલ્લા નાણાંકીય વર્ષ દરમ્યાન ઓછામાં ઓછું ૪ વખત કે ૫ % કે તેથી વધુ કરાર –માંગ થી વધેલ હોય તો, પરવાનેદાર ગ્રાહકને વિજ ભાર વધારા માટે અરજીપત્રક રજૂ કરવા ૩૦ દિવસ ની નોટીસ આપશે. નોટીસ ની મુદત પૂરી થતા સુધી ગ્રાહક પાસેથી કોઈ જવાબ ન આવે તો પરવાનેદાર છેલ્લા નાણાંકીય વર્ષમાં ગ્રાહકના એમ.ડી.આઈ. મીટરે દર્શાવેલ અધિકતમ ચાર રેકોર્ડીંગ ની સરેરાશ મુજબ ગ્રાહકની કરાર માંગ વધારવાની કાર્યવાહી શરૂ કરશે.આવા કેસમાં વધારેલી માંગ નિયમીત કરવા ગ્રાહક આ સંહિતાની જોગવાઈઓ અનુસાર લાગુ પડતા તમામ ખર્ચ ચૂકવવા જવાબદાર બનશે. આવા ખર્ચ મળતા વધારેલી માંગ ને સુધારેલી કરાર માંગ ગણવામાં આવશે. અને કરાર ની બધી જોગવાઈઓ સુધારેલી કરાર માંગ માટે આવા ગ્રાહકોને લાગુ પડશે.

૨.૩ વર્ષ ૨૦૧૭/૧૮, ૨૦૧૮/૧૯ અને ૨૦૧૯/૨૦ માં ૫ % થી વધારે આવેલ વિજ બહારની વિગતની માહિતી આ સાથે જોડેલ છે.

૨.૪ વાદીને લોડ રેગ્યુલરાઈઝ કરવા માટે થાન પેટા વિભાગીય કચેરી દ્વારા પત્ર નં–૫૪૭૫ તા.૨૨/૬/૨૦૧૮ થી તથા વિભાગીય કચેરી દ્વારા પત્ર નં–૮૦૯૪ તા.૪/૮/૨૦૧૮ ના રોજ નોટીસ આપેલ હતી. જેની નકલ આ સાથે સામેલ છે. આમ, વાદીએ નોટીસની અવધિમાં લોડ વધારો ન કરતા તેમને સપ્લાય કોડ–૨૦૧૫ ના કલોઝ નં–૪.૯૫ મુજબ રૂા.૫,૬૪,૪૪૪/– નું અંદાજપત્રક વિભાગીય કચેરી ના પત્ર નં–એસએનડી/ટેક–૨/૧૪૦૩૩ તા.૧૦/૧૦/૨૦૧૮ થી આપવામાં આવેલ હતું.

૨.૫ વાદીએ માંગેલ વિજભાર કરતા વધુ વિજભાર નો વિજ વપરાશ કરેલ હોવાથી વિભાગીય કચેરી દ્વારા એલ.ટી. કનેકશનમાંથી એચ.ટી.વિજ કનેકશન માં જવા માટે અંદાજપત્રક ની રકમ રૂા.૫,૬૪,૪૪૪/– વાદીના ખાતામાં પત્ર નં–એસએનડી/ટેક–૨/એચ.ટી./૧૦૪૩૩ તા.૧૭/૧૧/૨૦૧૮ ના રોજ વાદી ના ખાતે ઉધારવામાં આવેલ હતી.જે રકમ વાદી દ્વારા ભરવામાં નહી આવતા પત્ર નં–૧૦૧૪ તા.૧૦/૨/૨૦૨૦ ના રોજ નોટીસ આપવામાં આવેલ હતી. જે આપ સાહેબશ્રી ની જાણ સારૂં.

☞ <u>ફોરમનું તારણ</u> :- વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી મે.કલેઆર્ટ સીરામીક ના નામનું ૮૫ કિ.વો. નું LTMD ટેરીફ હેઠળ થાનગઢમાં ઔધોગીક વિજ જોડાણ ગ્રાહક નં-૨૭૭૦૪/૦૦૬૩૫/૫ થી ધરાવે છે.

૩.૨ પ્રતિવાદી દ્વારા વાદીને તેઓના કરારીત વિજભાર ૮૫ કિ.વો કરતા વધુ વિજભાર વપરાતો હોય, વાદીને તેના LTMD કનેકશનમાંથી HT કનેકશન કરવા માટેની નોટીસ અપાયેલ તેમજ અંદાજપત્ર આપવામાં આવેલ અને અંદાજપત્ર ની રકમ વાદીના બિલ ના એકાઉન્ટમાં ઉધારવામાં આવેલ. તેની સામે વાદીએ ફોરમને રજૂઆત કરેલ છે.

૩.૩ પ્રતિવાદીએ રજૂ કરેલ પત્રક મુજબ વાદીના વિજ સ્થાપન પરના જોડાણમાં કોન્ટ્રાકટ ડિમાન્ડ ૮૫ ના ૫% કરતા વધારે ડિમાન્ડ ની નોંધણી ૨૦૧૭-૧૮,૨૦૧૮-૧૯ ના વર્ષમાં અને ૨૦૧૯-૨૦ ના વર્ષમાં નોંધાયેલ આ વર્ષ દરમિયાન વાદીએ દરેક વર્ષમાં કુલ ૪ વખતથી વધુ ૮૫ કિ.વો.કરતા વધુ ડિમાન્ડ ની નોંધણી થઈ હોય, પ્રતિવાદીએ વાદીને તા.૨૨/૬/૨૦૧૮ ના રોજ અને તા.૪/૮/૨૦૧૮ ના રોજ સપ્લાય કોડ - ૨૦૧૫ ના કલોઝ નં-૪.૯૫ મુજબ નોટીસ આપેલ.

૩.૪ વર્ષ ૨૦૧૭-૧૮ માં વાદીની કોન્ટ્રા.ડિમાન્ડ ૮૫ કિ.વો.સામે ઓગષ્ટ-૨૦૧૭ માં ૧૨૮ કિ.વો, ઓકટોબર-૨૦૧૭ માં ૧૩૬ કિ.વો., નવેમ્બર-૨૦૧૭ માં ૧૨૨ કિ.વો. અને ફેબ્રુઆરી-૨૦૧૮ માં ૧૨૯ કિ.વો., માર્ચ-૨૦૧૮ માં ૧૨૭ કિ.વો. નોંધાયેલ. તેથી પ્રતિવાદીએ સપ્લાય કોડ -૨૦૧૫ ના કલોઝ નં-૪.૯૫ વાદીને HT વિજ કનેકશન કરવા માટે તા.૨૨/૬/૨૦૧૮ ના રોજ નોટીસ આપેલ. અને તા.૪/૮/૨૦૧૮ ના રોજ આખરી નોટીસ આપેલ. પરંતુ, વાદીએ તેના LTMD વિજ જોડાણ ને HT માં ફેરવવા માટે કોઈ કાર્યવાહી કરેલ નહી.

૩.૫ સપ્લાય કોડ -૨૦૧૫ નો કલોઝ નં-૪.૯૫ મુજબ ''એચ.ટી, ઈ.એચ.ટી અને માંગ આધારીત એલ.ટી.જોડાણો ના કેસમાં જો નોંધાયેલી અધિકતમ માંગ, છેલ્લા નાણાંકીય વર્ષ દરમિયાન ઓછામાં ઓછું ૪ વખત ૫% કે તેથી વધુ કરારમાંગ થી વધેલ હોય તો, પરવાનેદાર ગ્રાહકને વિજ ભાર વધારા માટે અરજી પત્રક રજૂ કરવા, ૩૦ દિવસ ની નોટીસ આપશે. નોટીસ ની મુદત પૂરી થતા સુધી ગ્રાહક પાસેથી કોઈ જવાબ ન આવે તો, પરવાનેદાર, છેલ્લા નાણાંકીય વર્ષ માં ગ્રાહકના MDI મીટર દર્શાવેલ અધિકતમ ૪ રેકોર્ડીંગ ની સરેરાશ મુજબ ગ્રાહકની કરારમાંગ વધારવાની કાર્યવાહી શરૂ કરશે. આવા કેસમાં, વધારેલી માંગ નિયમિત કરવા ગ્રાહક આ સંહિતાની જોગવાઈઓ અનુસાર લાગુ પડતા તમામ ખર્ચ ચૂકવવા જવાબદાર બનશે. આવા ખર્ચ મળતા વધારેલી માંગ ને સુધારેલી કરારમાંગ ગણવામાં આવશે અને કરાર ની બધી જોગવાઈઓ સુધારેલી કરારમાંગ માટે આવા ગ્રાહકોને લાગુ પડશે. ''

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

૩.૬ પ્રતિવાદીએ વાદીને સેકશન ૪.૯૫ મુજબ વાદીને નોટીસ આપવા છતાં, વાદીએ HT વિજ જોડાણની માંગણી ન કરતા પ્રતિવાદીએ તા.૧૦/૧૦/૨૦૧૮ ના રોજ વાદીને ૧૩૦ કિ.વો. નું HT વિજ જોંડાણ માટેનું અંદાજપત્ર રૂા.૫,૬૪,૪૪૪/– નું આપેલ, જે વાદીએ ભરપાઈ કરેલ નહી તેથી પ્રતિવાદીએ વાદીના એકાઉન્ટમાં રૂા.૫,૬૪,૪૪૪/– ઉધારેલ.

૩.૭ વાદીએ રજૂ કરેલ રેકર્ડસ મુજબ પ્રતિવાદીને તા.૪/૮/૨૦૧૮ ના રોજ આખરી નોટીસ આપ્યા પછી પણ પ્રતિવાદીના મીટરમાં તેની વર્ષ ૨૦૧૮–૧૯ તેમજ ૨૦૧૯–૨૦ દરમિયાન કોન્ટ્રકટ ડિમાન્ડ ૮૫ KW + ૫% કરતા વધુ ડિમાન્ડ ની નોંધ થયેલ છે. આથી, એવું જણાય છે કે, પ્રતિવાદીએ આપેલ નોટીસ બાદ પણ વાદીએ તેની બિલીંગ ડિમાન્ડ ને મર્યાદીત કરેલ નથી.

૩.૮ ઉપર મુજબના અવલોકનો તેમજ સપ્લાય કોડ–૨૦૧૫ ના સેકશન નં–૪.૯૫ ને ધ્યાનમાં રાખી હુકમ કરવામાં આવે છે કે, પ્રતિવાદીએ કરેલ કાર્યવાહી નિયમ મુજબ અને GERC રેગ્યુલેશન મુજબ છે. તેથી પ્રતિવાદીએ આપેલ અંદાજપત્ર ની રકમ રૂા.૫,૬૪,૪૪૪/– વાદીએ ભરવાપાત્ર છે.

## –:: હુકમ ::–

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અનેઉપરના તારણો પરથી તારણ નં." ૩.૮ " મુજબ હુકમ કરવામાં આવે છે.**
- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રીમતી જે.એમ.મેહતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**(પી.એન.આજકીયા)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એમ.આર.વજરીયા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કાું.લી.:ભાવનગર.**

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.

તારીખ :– **૧૮/૦૨/૨૦૨૧.**

ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૮૦/૨૦–૨૧/ 763 તારીખ : 0 3 MAR 2021

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી મારૂ ગોવિંદભાઈ નાજાભાઈ,**
પમ્પીગ વાળો ખાંચો,
બાથાભાઈ નો ચોક,
માઢીયા રોડ, કુંભારવાડા,
**ભાવનગર.**

કેસ નં.૮૦/૨૦–૨૧

**મો.નં.૮૪૯૦૮ ૮૮૯૪૪.**

**વિષય : હયાત ઔધોગીક વિજ કનેકશન નો લોડ વધારો કરી આપવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૨૫/૦૧/૨૦૨૧ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૨૫/૦૧/૨૦૨૧.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૮૦/૨૦–૨૧/૩૭૧ તા.૩૦/૦૧/૨૦૨૧.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૮૦/૨૦–૨૧/૪૯૧ તા.૦૮/૦૨/૨૦૨૧.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૫/૦૨/૨૦૨૧** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
શહેર વિભાગીય કચેરી–૧, **ભાવનગર.**
*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) નાયબ ઈજનેરશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **કુંભારવાડા.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.